# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


રેફ નં. તા: ૦૪/૦૧/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત 'નીતિ પંચામૃત'ના બીજા દિવસે ભગવાન મહાવીરની નીતિઓ અંગે પ્રબુધ્ધ જીવન મેગેઝીનના તંત્રી ડો. સેજલ શાહે ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન આપ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત 'નીતિ પંચામૃત' અંતર્ગત બુધવાર, તા. ૦૩ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકે 'નીતિ પંચામૃત – મહાવીર નીતિ' વિશે કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ભગવાન મહાવીરના જીવનનો ઊંડો અભ્યાસ કરનાર પ્રબુધ્ધ જીવન મેગઝીનના તંત્રી ડો.સેજલબેન શાહે ભગવાન મહાવીરની નીતિઓ સાંપ્રત સમયમાં કેટલી ઉપયોગી નીવડી શકે છે તે અંગે ઉદ્યોગ સાહસિકોને માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ભગવાન મહાવીરે આપેલા ક્ષમા, ત્યાગ અને અપરિગ્રહ જેવા મહત્વના સિદ્ધાંતો જીવનમાં ઉતારો તો સાચા અર્થમાં જીવનમાં સફળ થઈ શકાય છે. જૈન ધર્મ પ્રેમ, કરૂણા અને ત્યાગનો ધર્મ છે. શહેરના નાગરિકો વધુ પ્રબુદ્ધ થાય તે માટે સતત જન ઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

પ્રબુધ્ધ જીવન મેગઝીનના તંત્રી ડો.સેજલબેન શાહે જણાવ્યું હતું કે, ભગવાન મહાવીર, વર્ધમાન મહાવીર, શ્રવણ મહાવીર એટલે એક એવા ક્રાંતિકારી, ક્રાંતદ્રષ્ટા, વ્યક્તિવ એક એવું ચરિત્ર જેમના દર્શન કરવા વારંવાર ગમે, જેમના વિચારો સમજવા અને વાત કરવી ગમે છે. ભગવાન મહાવીર એક એવું ચરિત્ર છે, જે પોતે લોકો પાસે ગયા અને લોકોને તેમના ચરિત્ર અને જીવન વ્યવહારથી પોતાની વાત સમજાવી હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મહાવીર એક યુગપુરૂષ છે. મહાવીરમાં નમ્રતા, વિનય જેવા ગુણો પણ હતા. દરેક માનવીમાં ચાર ભાવ ધર્મ, અર્થ, મોક્ષ, કામ રહેલા છે, પણ માનવીમાં અપરિગ્રહનો ગુણ હોવો જોઈએ. માનવીનું વેલ્યુએશન મહત્વનું નથી. માનવીનો ભાવ મહત્વનો છે. વર્તમાન સાથે ભવિષ્ય પણ સાર્થત્યપૂર્ણ હોવું જરૂરી છે.

ડો.સેજલબેન શાહે ભગવાન મહાવીરની નીતિઓ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પુણ્ય ક્યારેય પૈસાથી ખરીદી શકાતું નથી. તેના માટે જાતે જ સારા કર્મો કરવા પડે છે. ભગવાન મહાવીરે કર્મનો સિદ્ધાંત સ્થાપિત કર્યો છે.

ચેમ્બરના પૂર્વ પ્રમુખ રૂપીન પચ્ચીગરે વકતાનો પરિચય આપતાં જણાવ્યું હતું કે, ‘ચેમ્બર વેપાર–ઉદ્યોગની સંસ્થા તો છે જ પણ ૨૧મી સદીમાં વેપારનું કેન્દ્ર શિક્ષણ છે. ત્યારે શિક્ષણનો વ્યાપ થાય તે પણ એટલું જ મહત્વનું છે. જીવનમાં શિક્ષણ અને જ્ઞાન થકી જ સફળતા સાધ્ય કરી શકાય છે. ભગવાન મહાવીર એટલે પ્રેમની અને કરૂણાની મૂર્તિ.’

ચેમ્બરના પૂર્વ પ્રમુખ સી.એસ. જરીવાલા, ગૃપ ચેરમેન અનુજ જરીવાલા અને જગદીશ ટેકરા કાર્યક્રમમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન ભદ્રેશ શાહે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થયું હતું.